
શ્રી.

નળઆખ્યાન.

કવિ. પ્રેમાનંદના કીધેલી

વાંચનારાઓને બુદ્ધિ તથા ચતુરાઈ વધે
તેને વાસ્તે.

છપાવી પ્રસિદ્ધ કરનાર
બુકસેલર મોતીલાલ મગનલાલ.



હાથીશેઠના રસ્તા પર ચંગ પોળને નાકે
આલા હનુમાનની પાસે ભટ મુળજી
દોલતરામના મકાનમાં ન્યાયસાગર
પ્રેસમાં મગનલાલ વ્રજભુખણદાસે
પોતાના છાપખાનામાં
છાપી પ્રસિદ્ધ કરી.

કીંમત ૧૨ આના.

नळाख्यान.

॥ શ્રી ગણેશાયનમઃ ॥ ॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ અથ નળ રાજાનું આખ્યાંન લખ્યું છે ॥ ॥ રાગદેશાખનીચાલ દેશી ॥ શ્રી શંકર સુતનું ધ્યાનજ ધરૂ, સરસ્વતીને પ્રણામજ કરૂં; સરસ્વતી માતા કરજો સહાય, કવિજન હઈડે હરખ અપાર; ગાતાં પાપ સમુલા જાય, શ્રોતાજન સહુ નિરમળ થાય. વકતોનેહો એક કલ્યાણ, એક વર હરી કહો નિરવાણ; ગણપતિને પ્રણામજ કરૂં આદરૂં જોડુનઇશ દતણું ॥ ઢાળ ॥ નઇસદરાયની કહું કથાય, પુણ્ય સ્લોકી જેરાય રાજ હરી ગયા પાંડવ, વસ્યા જઈ વનમાં જાર, ૧ હવે સમે અરજુનને, મન ઉપનો વિચાર; એકલો અરજુન ગયો કઇલાસે, આરાધ્યા ત્રિપુરાર; તેણે સમે એક તાપસ આવ્યો, વરહદસ્વ એહેવું નામ; પુજા કીધી પાંડવે, આપ્યો વસવા ઠાંમ. ૩ રાતે રાતે વારા ફરતાં પાંડવ ચાંપે પાય, એક સમે ચરણ તલાંસવાને બેઠા જુધિષ્ઠરરાય. ૪ તેણે સમે ત્યાંહાં ધરમને, સાંભળયો અરજુન; તાંહાં નેતરે નીર ભરાઇ આવ્યાં હેતે ભરાયું અંતઃકરણ. ૫ ત્યારે ધરમરાયને પુછે રૂષીજી, જળે પગભિના માહારા; પણ શેદુખે સતવાદિરાએ નેત્રે ભરે જળધાર. ૬ ધરમ કહે સાંભળીએ સ્વામી, એને ઉઠી ગયો અરજુન; તે આગશવાળી સાલેછે; માટે કરૂછુ રૂદન. ૭ જો હું ભિમસેનની પાસે માગું દાતણપાણી; તે બડબડતો જાએ રીસ ચડાવી, મ્હોટુ વરક્ષ આપે આણી. ૮ પ્રાતસામગ્રી નિકુળ પાસે, કદાપી જો માગી; તોપો હોર દિવસ વાર લગાડે, એટલી કરે વરણાગી. ૯ સેહેદેવને જો કામ દેઊંતો, મનમાં આણે રોષ; તે મધ્યાને ઘરમાંથી નિસરે; જોતો જોતો જોશ. ૧૦ દક્ષણ દિશાએ જોગણી છે, હું જાઉતો દુઃખ પામું; પુરવદિશાએ પરવરૂંતો, ચંદ્રમાનુ ઘરસામું. ૧૧ એહેવી રીતે ત્રણ ભાઇની; મેંતો પ્રક્ષનાં ફસાયા, દ્રૂપતીને મોકલું તો; હરણ કરી કો જાય. ૧૨ વણ માગ્યાં વેહેલો આપે, જે જોઇએ તે આણી; ફળ જળ લેઇ આગળ મુકે, તેતો ગાંડીવ પાણી. ૧૩ તેના ગુણ મુને નથી વિસરતા, રહયોછું રૂદિયા રાખી; સુખસંતોષ વિના સુનો, મુની હું પારથ પાખી. ૧૪ નીશવાશ મુકી ધરમ પુછે, હોની વરેહે દશ રૂષિ;

વન વિશે વિજોગ પડીયા, હું સરખો કોકો દુઃખી. ૧૫ રાજયાસનભો
વન ધનરીધસીધ. સરવ વસ્તુ હારી; હેવું કોહોને થયું હશે સ્વામી
પીડા પોચી ભારી. ૧૬ વળતા વાણી વરેહે દસજી વદે, શેઆંણો
વઇરાગ, નળ રાજા દુખ પામીઓ; નર્થાં તેનો સોમો ભાગ. ૧૭ રૂપ
રાજાનબળ, નમળે તેહ સમાન; અનેક કષ્ઠ તેના જેવું ના ભોગવે
રાજંન. ૧૮ ભીમક કુમારી નળની નારી; શું કહું રૂપમાંડી, તે રા
ણીને વનમાં મુકી; નહી ફળ જળ અન્ન પાણી. ૧૯ દાશીરૂપ થયું
દમયંતી કુબડું કીધું નળ ગાત્ર, તેના દુખ આગળ જુધિષ્ટર; તમારૂ
દુઃખકોણ માત્ર. ૨૦ ॥ કડવાં ૧ ॥ ॥ રાગગોડીની દેશી.
વરેહ દશ વાણી એમ વદે. રાજા જુધિષ્ઠર ધરતા રૂદે; નઇષદનામે
દેશ વિશાળ, રાજ કરે વિરશેનભુપાળ. ૧ તેહેને સુરસેન નામે બાં
ધવ જન, તે બેહુને એકેકો તન; તે રૂપે પુટડા જેવા કામ, નળ પુસ્ક
ર બેહુના નામ. ૨ પછી નળને આપી રાઇજ્યાસન, પીતા કાકા બેહુ
ગયા વન; ચલાવે રાજ નળ મહામતી પુસ્કર કીધો સેન્યાપતિ. ૩
રાજાજી ત્યાં દેશ કરી ખ્યાત, શત્રૂમાત્ર પમાડા શાંત; ભુપ સરવે ન-
ળને નમે; પુસ્કરે કીધો દીગ વીજે. ૪ પ્રજા શુ ઉઘાડે બાર, ન કરે
ચોરી ચોર ચખાર; સતેજમપતિને કીધો શાદ. પુરમાં કોને ન વાધે
વાદ. ૫ કનક ભરી આ બહુ કોઠાર, જેહેવું ધન તેહેવો દાતાર; અ
નેક જાચકના દાલિદ્ર કાપીયાં, નળે મુખ માગ્યાં આપીયાં. ૬ જાચક
કહે ભલું નળનું રાજ, આપણાં દુઃખ ઓલાહ્ય દાઝ; કીરતી થઇ
નળની ચોગામ, તેણે પુણ્ય શ્લોક ધરાવ્યું નામ. ૭ વહ્રશ્વત્ર કીધું સ
ઘળું ગામ, ઘેર ઘેર હરી કથા હરીનું નામ, એકાદસી કરે સરવે જંન
ચારે વરણ પાળે ખટકરમ. ૮ ધાએ દેવ વ્યાપીક પ્રરીબ્રહ્મ, નળરા
જાનું લીધુ નામ; માગ્યાંદાન આપે ધરી પરેમ, જાચક જન સહુ આ
વે તેમ. ૯ જેકો મુસ્તકનો માગનાર, છેદી આપતાં નલાગે વાર ભ
ગતી ઉપર કેવળ ભાવ; મન ચિતહરી સાથે ભાવ. ૧૦ ઉતરપુરવ
દક્ષિણ દેશ, વીરસેન સુતનો વાધ્યો જશ; ત્યારે પુસ્કરને થઇ અદે
ખાઇ, હુંથી વ્રદ્ધ પામ્યો પીતરાઇ. ૧૧ નળને નમેછે લોક સમસ્ત,
એ આગળહું પામ્યો અસ્ત; એવું જાણી મન આણ્યો વઇરાગ, ગ
યો વનચર મુંકી ત્યાગ. ૧૨ ॥ નળનો વાળ્યો તે નવ વળ્યો, દારૂણ

વનમાં પોતે પળ્યો; જઇ શેવું પરવત શુરૂંગ, તળે વહેછે નીરમળ ગંગ. ૧૩ શલ્યાનું કીધું સિંહાસન, વરૂક્ષ પત્ર છત્ર ધરે રાજંન; ધનશી રાજ માંડયું. વનતપ તણું. કોકી લાગ્યાં ને કરેછે ઘણું ૧૪ આ મગછે અસ્વ કારણે, આ દરૂમ પ્રતિહાર ઉભા બારણે; ભુંડ હસ્તી પૃથ્વી પરસંગ, એ રાજ મારૂ કયારે ન થાય ભંગ. ૧૫ કો લુંટો લેવા ના આવી ચડે, ઉઘાડે બારણે ખાતર ના પડે; એણીપેરે માંડયું રાજ આસન, અચાલ તે વશ કીધું મન. ૧૬ વરેહે દશ કેહે કથાએ, એટલેથી રહી; નળ રાજા શું કરતો તહી, જ્યારે પુસ્કર ઉઠી વનમાં ગયો. ભાઇ વિના ભુપ એકલો થયો ૧૭ નીશકંટક રાજ નળ એકલો કરે, ધરમ આંણ નળ રાયની ફરે; માગ્યાં મોકલે દેશો દેશના ભુપ, નળને વળાવે કંન્યાનું રૂપ. ૧૮ શહીકુલ લક્ષણમાં કાહાડે ખોડ, કહે નળ મુજ સરખી જોડ; હોએ બત્રીશ લક્ષણ પુરણ, તેનું કરૂં પાણી ગ્રહણ. ૧૯ એમ કરતાં ગયા બહુ દીન, એવે આવ્યા નારદ મુનીજંન. ૨૦

॥ વલણ ॥ નારદમુની પધારીયારે, સુણ જુધીષ્ટર ભુપાળ; પછે વીણા પાણીએ નળનું કેમ મેળવું વેવીશાળરે. ॥ કડવાં ૨ ॥

॥ રાગ રામગ્રીની દેશી ॥ એણીપેરે બોલ્યા વરેહે દશ વાણીજી, નળ ઘેર આવ્યા તે વીણ પાણીજી; વીરસેન સુને દીધું માન જી, અરઘ પાદ પુજ્યા મુંની ભગવાનજી. ॥ ઢાળ ॥

પુજ્યા નારદ રૂદે આણી, અને પુછીયું કુશળી ક્ષેમ; રાજ આસન નળનું દેખી, નારદ રૂષી પુછે. ૧ પટરાણી દીસતાં નથી, વામાંગ સુનું તે શું છે. ૨ આસને બેસવું રાણીવીના, તેહેનો મોટો દોષ; પછી તે પ્રતીઉત્તર બોલ્યા, કરીને મનમાં દોષ. ૩ નળ કહે તમો પ્રજાપતિના પુત્ર ત્રિગુણધારી, જાણતા હશો જે બ્રહમાજીએ; કહી નીરમી મારે નારી. ૪ સપ્ત દવીપ નવખંડ માહે, મે જોઇ કંન્યા કોટ; રૂષી હું વરૂ તેહેવી નવ મળી, શકે કંન્યાની છે ખોટ. ૫ કુળ ત્યાંહાં રૂપ નહી, રૂપ ત્યાંહાં નહી ચાલ; કોશકળ લક્ષણ હોએ ત્યાંહાં, હું પરણુ તતકાળ. ૬ દેવ રૂષી પછે બોલીયા, એમ નહી કો ભુપ; ત્હારા સરખું કયાંથી મળે, શા માનું રે સ્વરૂપ. ૭ એ કંન્યા અલોકીકછે, દેવ તેને વરણે; તેતો ઇંદ્રને ઇચ્છે નહી, તો તુને કયાંહાંથી પરણે. ૮ ન

ળ કેહે રેમનુની, તે કન્યાનું કોણ નામ; કવણ રાયની દીકરી, કવણ તેહેનું ગામ. ૯ નારદ કેહેરે શકળ દેશમાં ઉત્તમ વીદરભા દેશ, ત્યાં હાં રાજા રાજ કરેછે ભીમક નામ નરેશ. ૧૦ તેહેને ત્યાંહાં એક તારૂણી, વજરાવતી નામે નીધાન; પુન્યદાન અપાર કીધાં, પણ પેટે નહી સંતાન. ૧૧ હેવે સમે એકદમન નામે, આવીયો તાપસ; પુજા કીધી તેહેની, જમાડયા ખટરસ. ૧૨ ઘણા દાહાડાની ગઇ ક્ષુધા, પામીયો સંતોષ; ત્રીકાલ જ્ઞાનીએ જાણ્યું, રાણીને છે વંઝા દોષ. ૧૩ પુછીને નીસ્ચે કીધું, ખરે નહી સંતાન; કરૂણા કરીને આપીઉં, રાયે રાણીને વરદાન. ૧૪ ત્રણ પુત્રને એક પુત્રી, હશે રૂપ નીધાન; એ ધાણ રાખે એટલું, માહારે નામે નામ. ૧૫ એવું કહીને રૂષીજી, પામીઆ અંતર ધ્યાન; કેટલે દીવસે રાણીને, ઉપન્યાં ચાર સંતાન. ૧૬ દમંનદંતુને દરદને દમયંતી, નામ તેહેનાં ધરીઆં; હરખ પામ્યો ભુપતી, બાળક ચાર ઉછરીઆં. ૧૭ દમયંતી જે દીકરી, મુખે વરણવું નવ જાય; તન લોચન વદન ઉપમા, કશી ના અપાએ. ૧૮

॥ વલણ ॥ ઉપમાના અપાય, બોલ્યા વેણા ધારી; નળ કહે નારદને, તેહેનું રૂપ કહો વિસ્તારી. ॥ ૧ ॥ ॥ કડવાં ૩ ॥

રાગ રામગ્રી દેશી ॥ નારદનાં વચન સાંભળી, એમ બોલ્યા નૈષદ ધણીરે; ભીમકતણી સુતા કુંવારીછે, તે કેહે વીપુટડીરે ॥ ઢાળ ॥

પુટડી કેહેવી દમયંતી, કોહો તેહેનું વખાણ; નારદ કહે તમે સાંભળો, વીરસેન સુત સુજાણ. ૧ ગુણ ચાલ જે ચાતુરી, અદભુત સુંદર વેશ; તેહેને હું શું વરણવું, જોયણ વીનાશકે શેષ. ૨ બુધ માને માનુનીનું વરણવ કરૂછું જંન, જેમ સાગરમાંથી ચાંચ જળની; ભરે તે પંખીજંન. ૩ દમયંતીનો ચોટલો દેખી, અતિછે શોભાગ; અભીમાન મુકી લાજ આણી, પાતાળે પેઠા નાગ. ૪ ભીમક સુતાનું વદન દેખી, સુધાકર શોભાય; જોઇ જેઈ ચંદ્રક્ષીણ પામ્યો, તે આભમાં સંતાય. ૫ સ્રષ્ટી કરતા બ્રહ્માજીએ, તેજનું ભરિયું પાત્ર; તે તેજનું પ્રજાપતિએ, ઘડયું દમયંતીનું ગાત્ર. ૬ કાંઈ એક શેશ રહી, ઘડતાં ગેરો પડીયો; વીરંચીએ એકઠો કરી, તેહેનો ચંદ્રમા ઘડીયો. ૭ નળ કહે નારદને, એ વખાણે ભાવના પોહોતાં; દમયંતી હવડે અવતી, શું ચંદ્રમા પેહેલો નોહોતો. ૮ નારદ કેહે એ સરવ પેહેલી,

બ્રહ્માએ ઘડી રાખી; વીરંચીએ વીદરભાનાંખી, ઉદે હવડે પામી. ૯ હવડાં અવતરી હશે, જોની રમ્યો હશે કો, સ્વાની. ૧૦ નળ કહે આગે વીસ્તરો, એ ભેદ મેં સાંભળીયો; ચંદ્ર પેહેલી ચતુરા, સંદેહ મનનો ટળીયો. ૧૧ કહે નારદ સાંભળો રાજા, મીન ખંજન મધુકર; નેત્ર ભ્રગુટી દેખી, જળ કમળ કીધાં ઘર. ૧૨ નાશીકાના વેશર દેખી નાઠા કળાકરને કીર, તેણે અરણ્યપરવત શેવીઆ; ન રાખીયું ચીત ધીર. ૧૩ દમયંતીના અધર દેખી, પેટ વેહ્યુ પરવાળી; કામનીનો કંઠ સાંભળી, કોકીલ થઇ કાળી. ૧૪ રસના વાણી સાંભળીને, સર સ્વતીને આવ્યો વૈરાગ; કુંવારીકા પોતે રહી, સંસાર કીધો ત્યાગ. ૧૫ દંત દેખીને દાડમ ફાટયું, ગોરવાથી કપોત; સંતાડે તે મોહ તે નારદ ફરતો ફરે વનમાં, દુઃખ કહુંહું કોને. ૧૬ દમયંતીના કુંચ મંદ્ર દેખી, હારૂં કુંજર કુળ; તે હીડતાં ચાલતાં સરવે હાથી, માંથે ઘાલે ધુળ. ૧૭ હસ્ત કમળથી કમળ પડીઆં, જેણે જળમાં કીધાં ઘર; અબળાનું ઊદર દેખી, ચુકયાં છે સરોવર. ૧૮

॥ વલણ ॥ ॥ સરોવરશુકાયછે ॥ દીસેપાણીહીનરે. કદળી લાજેવનમાહેરે, દમયંતીનીજાંઘદેખી. કેલરહીકાગવંઝરે, ॥ ૧૯ ॥

॥ કડવાં ॥ ૪ ॥ ॥ રાગશામેરીનીદેશી ॥

દમયંતાદોષરહીતા. તેનાગુણનીગાઉંગીતા, નારદજીવાંએકએમ બોલે. નહીઉપમાતારૂણીનીતોલે, ॥ ૧ ॥ દમયંતીદોષરહીતા. તે હેનાગુણનીશીગાઉંગીતા, ॥ ॥ ટેક ॥ જોઇભીમકસુતાની કટી, સંહીનીજાતતેવનમાંઘટી. હંસનેથઇચટપટી, ચાલગોરીઆગ ળમટી. ॥ ૨ ॥ દમયંતીદોષરહીતા. રાંભાઅંગનીશેભાવળી, વન સ્પતી દવે મરેછે બળી, તેના વસ્ત્ર રહ્યાં જળ હરી; દેખી આભમાં પેસે વીજળી, દમયંતી દોષ રહીત. ૩ પમ પાનીથી હારો અલતો, તે અબળાને પાગે નમતો; તેને પુરનો નાદ સાંભળતો, તે સાંભળી ગ્રાંધ્રવનો સાથ બળતો દમયંતી દોષ રહીત. ૪ વરણથી ચંપકનાભ જીયું, માટે મધુકરે તે તજીયું; દમયંતી સ્વરૂપ બ્રહ્માજીએ સરજીઉં, એહેવું કોઇ નથી નીપજીઉં, દમયંતી દોષ રહીત. ૫ હવે વખાણે શ ણગાર સાળ, મરજનથી રહયારે તંબોળ; ઉડે સુગંધના કલોલ, ઉડે અરગનારોળ દમયંતી દોષ રહીત. ૬ શીશ ફુલ રતન રાખડી, શો

બે ભમરામાં ચુની જડી; ગોફણુ રહયો અંગશું અડી, કટી મેખલા શું પડે ઘડી, દમયંતી દોષ રહીત. ૭ ગળુ બંધ કંઠે નવરંગ, મુક્તા હારછે બે શંગ; શકે ગીરી કરીને ભંગ, હાર મધ્યે વહેછે ગંગ, દમયંતી દોષ રહીત. ૮ વાએ ઓઢણી રહીછે ઉડી, ખલકે કોકણુને કર ચુડી; રૂપે રતી સરખાં જાએ બુડી, જોડે કો એમ મળે નહિ રૂડિ; દમયંતી દોષ રહીત. ૯ વાગે નેપુરીઆને ભણકો, અંગુઠે અણવટી આનો ઠપકો; આંગુળીએ વીછુડાના રણકો, મધુરો બોલે ઝાઝરીઆ નો ઝણકો; દમયંતી દોષ રહીત. ૧૦ જેણે દમયંતી ના જોઇ, તેણે આલે દેહડી ખોઇ; જાણે કાયા કનકની લોઈ, એવી હતી નાંહાંની કોઇ; દમઅંતી દોષ રહીત. ૧૧ જેમ નદીમાં ભાગીરથી, તેમ સામા માહે સરવથી; ત્રીલોકમાંહે જોડા નથી, જાણે સ્વર્ગથી કાહાડી મથી; દમઅંતી દોષ રહીત. ૧૨ ઇંદ્રાદિક પરણવા ફરે, પણ મેહેલા નું મન નવ મળે; જોઇ અશ્વની કુમાર આગળ વળે, તેના આવે આંખજ તળે; દમઅંતી દોષ રહીત. ૧૩ જારનું પુતળું અવતરીઉં, નારી માત્રનું માન ઊતરીયું; દમું જગત સ્વરૂપ ઉદે કરીઉ, માટે દમયંતી નામજ ધરીઉં; દમઅંતી દોષ રહીત. ૧૪ જોગી થઇ તજ્યું હશે સરવસ્ત, જે તીરથ નાહયો હશે સમસ્ત; જેણે હેમ ગાળ્યાં હશે હસ્ત, તે ગ્રહશે દમઅંતી દોષ રહીત. ૧૫ વીખાણ સાંભળી સગળા, રૂધીર અવટા ઉપલ પલ; નારદ પરત્યે બોલ્યા નળ, સ્વામી પરણવાની કહો કળા; દમઅંતી દોષ રહીત. ૧૬ નારદ કહે માહારૂ કેહેણુ ના લાગે, હું ન જાઊ ત્યારે માગે; મુને મોહનાં બાંણજ વાગે, ભ્રમ ચારજ મ્હારૂ ભાગે; દમઅંતી દોષ રહીત. ૧૭ એહેવું કહી પાંમયા અંતર ધાન, મોહ અતી પામ્યો નળરાજાન; લાગ્યું દમયંતીનું ધ્યાન, કામ વેહે પરજટયો મંન; દમયંતી દોશ રહીત. ૧૮ વઇદ મોટ મોટેરારે આવે, વગડાનાં ઓશડીઆરે લાવે; તાપ કોઇના સમાવે, કોહો શું થાશે ભાઈ હવે; દમઅંતી દોશ રહીત. ૧૯ તેહેના ગુણની શી ગાઉ ગીત. ॥ વલણ ॥ ॥ હવે શું થાશે કેહે મંત્રી, એવું વિચારે મનરે; લીલાવસ્ત્ર પેહેરી, નળ અશ્વ બેશીને ચાલ્યો વનરે. ॥ કડવાં ॥ ૫ ॥ ॥ રાગ વસંતની દેશી ॥ ॥

અંગ અનંગ નળને વાપ્યો, વન ગયો વહની સમાવવા; હએ બેઠો

ચિંતામાં પેઠો, લાગ્યો આકુલ વ્યાકુલ થાવા. અંગે અનંગ નળને વ્યાપ્યો, વન ગયો વહની સમાવવા, ॥ ઢાળ. ॥ ॥ લીલા વસ્ત્રને લીલો વાઘો ॥ ધરી મરૂગીયાનો શણગારરે, હુરપંથ ગયો મોઢમી; વન દીઠું મનસરોવર સાર, અંગે સુંભટ સાથે કોમળો નહીં; એકલાં ના પડેગમ, હવે સમે મારગે જાતાં અનંગ. ૨ ત્યાંહાં વ્રક્ષ વારૂ ચારોળીનાં, છે ચંદન ચંપાઅનેક; વેલવાલો વનસટો વારૂ; કુશુમસારે વળી રહ્યાં છેવંક. અનંગ ૩ કોઠી કેવડીને કેતકી, કદળી કેરા સ્થંભ; શાગ શીસમને સરધુવાને; વળી સાદડીનાં વ્રક્ષ, સાલ વ્રક્ષના સ્થભ. અનંગ ૪ ત્યાં સરધુઓ સમડો સારંગી, સાકર સરખી શેલડી; લવંગલતા લીંબુએણ , વીરાજે વ્રક્ષચડી વેલડી. અનંગ ૫ નાલી કેરાં નીચા નઉતમ, નમી રહયાં બહુ નેત્ર; ફોફલી ફાલ શા ફુલી વીરાજે, ખજુર કેરાં ખેત્ર. અનંગ ૬ પાંપળા પીંપળી વડઉરે, દાડમડાને ફાલસી; અસ્વથી ઉતરયો નળરાજા; જોઈ વન નિરખી ચોપાશ. અનંગ ૭ શબળ જળ ફળ દેખી હરખ્યો નળરાજા; ઉત્તમ આંબા શાખ; બાવચી બીજોરીને ચીનીકબાલ; ઝુમકે બહુ દ્રાક્ષ. અનંગ ૮ તેહે દેખીને નળને બમણો વ્યાપો, સાંભળી દમયંતી, શું વરણુ કમળશરોવરમાં વાયુ પ્રહારે રહ્યાછે નમી. અનંગ. ૯ ટાઢો વાયુ વહની સરખો, લાગ્યો રાયને તંન, છે નગન વ્રક્ષ કદળી કેરાં તેહેને દેતો આલીગંન. અનગ. ૧૦ રંભાનું ચુંમન ટરે કેલને થડથી મરડી પાડે, મુખ શબ્દ કરે જેમ; તેમ મોહોટા મેગલત્રાડે. અનંગ ૧૧ હેવે સમે હંસ બહુ દીઠા, શો વરણનાં છે અંગ તે દેખી દમયંતી વીસરી; ટળી ગયો અનંગ. અનંગ ૧૨ નોહોતું દીઠું તે મેં દીઠું, જો આવો દસ અનુક્રમી; આ કનકની જાત પંખીની, ક્યારે બ્રહ્માએ નીરમી અનંગ. ૧૩ એક હાથ ચઢે હેમાંથી, પાળુ પાસે રાખું; રમાંડુ જમાડું એને, એને દુખના દાહાડા નાંખું અં ૧૪ •શરપ આકાર કરજો એહેનો, તો થાયે પતંન; ગ્રહણ કરૂ જોઈ એ જીવનું; ભુપ વિમાસેમંન. અનંગ ૧૫ એહેવે સમે સકલપંખીને ઈસ્વર, દીઠો પૃથ્વી માહે વ્રક્ષનેથડે નિંદ્રા કરીછે ઉભોછે એક પાએ અનંગ ૧૬ તે દેખીને નળરાજા હરખીયો, માણે માણે પરવરોયો; લીલા વસ્ત્ર આડાં ધરી, અંક સંકોડી સ્વાસ રૂધન કરીએ. અનંગ ૧૭

કુમથલ પુંઠે નળ ભટ આવ્યો, બેશી આઘો ચાલ્યો; લાંબો કરકર્ં લઘુ લાઘવી, પંખીનો પગ ઝાલ્યો. અનંગ ૧૮ ॥ વલણ ॥

ઝાલ્યો પંખી જાગી ઉઠયો, નળને કરચોછે ચંચનો મહારરે: પછી પોતાની વાણીએ કરીને, રોવા લાગ્યો નિરધારરે. ૧૯ ॥ કડવા ॥

॥ રાગ વસંતની દેશી ॥ પછી હંસે માંડયો વિલાપ, પાપી માણસરે, સું પ્રગટયું મારૂ પાપ, પાપી માણસરે; એ કાળા માથાના ધણી; પાપી માણસરે, જેહેને રૂદે નહી દયાય; પાપી માણસરે. ૨ એતો જીવને મારે તતખેવ, પાપી માણસરે હવે હું મુઓ અવસ્વમેવ પાપી માણસરે. ૩ ટુપી નાખશે માહરી પાંખ, પાપી માણસરે. મુને શેકશે અગનીમાંહે, પાપી માણસરે. ૪ મુને કોણ મુકાવે કરી પક્ષ, પાપી માણસરે. મારે મરવું ને એને ભક્ષ પાપી માણસરે ૫ આ હું સરખું રતંન, પાપી માણસરે, તેતો આલે થાશે પતન, પાપી માણસરે. ૬ ટળવળી મારી નારી મરશે, પાપી માણસરે; હવે જીવશે કોને આધાર, પાપી માણસરે. ૭ ગ્રહો નારીએ દીઠો નાથ, પાપી માણસરે; ધાઓ સહસ્ત્ર સખીનો સાથ, પાપી માણસરે. ૮ નળ ઉપર ભમે સ્ત્રી જન, પાપી માણસરે; કરવા લાગી આકરંદ, પાપી માણસરે. ૯ હંસણીએ દીધો સરાપ, પાપી માણસરે; હેની નારી એમ કરજ્યે વિલાપ, પાપી માણસરે. ૧૦ નારીને હંસ કહે વચન, હસણી સાંભળોરે; તમે જાઓ સરવે ભોવંન, હંસણી સાંભળોરે. ૧૧ કેમ છુટીએ કરમના બંધ, સરવે પાછાં ફરોરે; આપણે એટલો હતો સંબંધ, હંસણી સાંભળોરે. ૧૨ આપણે વસવું પ્રસનની ટોચ, હંસણી સાંભળોરે; આજ મેં નીંદ્રા કીધિ તેચ સરવે પાછો ફરોરે. ૧૩ જેકો થાશે થાનક ભ્રષ્ટ, હંસણિ સાંભળોરે પામશે કષ્ટ, સરવે પાછાં ફરોરે. ૧૪ હવે સરવેનેં દેઉછુશિક્ષાએ, હંસણી સાંભળોરે; તમો પૃથ્વીમાં કરશો પાએ, સરવે પાછાં ફરોરે. ૧૫ એમ કેહેતો અસ્ત્રીને ભરતાર, હંસણી સાંભળોરે; દેખો નળે કીધો વિચાર, સરવે પાછાં ફરોરે. ૧૬ પંખી બહુ પામેછે શોક, હંસણી સાંભળોરે; એ મુને દેછે દોષ, સરવે પાછા ફરોરે. ૧૭ તમો હંસ રહો વિસવાસ, હંસણી સાંભળોરે; હું નોહે કરવાનો નાશ, સરવે પાછાં ફરોરે. ૧૮ ॥ ॥ વલણ ॥ ॥ હું નોહે કરવાનો નાશ, નળરાજાએ વાણી કહી; વચન સુણી નળ કેરાં પછે હંસને વાચા થઈ. ૧૯ ॥ ॥ કડવાં ॥ ૭ ॥ ॥ રાગ મારૂની દેશી ચાતલી

મનુશની પેરે પંખી બોલ્યો. મુને મુકી જાઓ એકવાર; પ્રાણદા
ન જે મુજને આપીશ તો, હું કરીસ કાંઇ ઉપકાર. ૧ ॥ ઢાળ ॥
મુકયું મુકયું મુને સરવ રૂદન કરેછે, મહારી સરવ સુંદરી; એહે
ની આસના વાસના કરી, આવીશ તુજ કને ફરી. ૧ મનુસની પેરે
પંખી બોલ્યો, વચન સુણીને વિસ્મે પામ્યો; અલ્યા હવે આવવું
ના ચુકું, રૂપને વાંણિ બે ગુણ તુજમાં મરતાં લગિ ના મુકુ.
મનુસની પેરે પંખી બોલ્યો. ૨ હંસ કહે વિસવાસ આણતું,
હમો બ્રહ્માના વાહન; આકાશ અવની એ કથા એતો, મીથ્યા નાં
બોલું વચન; મનુશની પેરે પખી બોલ્યો. ૩ નર કેહે હું વીરસેન
સુતછું, નઇસદ મ્હારૂં ગાંમ; દેશપતી પત્રી કેવળછું, નળરાજા માહા
રૂ નામ; મનુંપ નીપેરે પંખી બોલ્યો. ૪ ખટપટ મુકો મનતણી, રખે
મન આંણો શોક; એવું જાણી રહો મુજ પાસે, જાવાની આશા ફો
ક, મનુશની પેરે પંખી બોલ્યો. ૫ હુંથી કાંઇ વીલન ના થાએ; પ્રા
ણની પેરે પાળું, અમે રાજવંશીનેજ રૂડુ લાગે; તારૂ બોલવું રસાળું,
મનુશની પેરે પંખી બોલ્યો. ૬ પંખી કહે કોહો પુણ્ય શ્લોકજી, મા
રી માતા રોઇ રોઇ મરશે; એકજ આંખછે હું એને, માતા કોહોને
દેખીને ઠરશે; મનુશની પેરે પંખી બોલ્યો, ૭ એક સેહેસ્ત્ર નારી રૂ
દન કરેછે, તેહેમાં ત્રણ પટરાણી; માહારૂ બંધન જાણીને, તે સરવે
તજશે પ્રાણ; મનુંશની પેરે પંખી બોલ્યો. ૮ વ્હાલી સ્ત્રીએ પુત્ર
પ્રસવ્યો છે, મેં તેહેનું મુખ નથી જોયું; અરે નળરાજા હું રાંકનું,
તે સુતનું સુખ કયાંહાં ખોયું; મનુશની પેરે પંખી બોલ્યો. ૯ આ
પણ બંન્નો મીત્ર થયા, તેના સુરજ દેવતા સાખી; રૌરવ નરકે હંસ
પડે, જો મીથ્યા વાણી ભાંખે; મનુશની પેરે પંખી બોલ્યો. ૧૦ ગુરૂ
દ્રોહી મીત્ર દ્રોહી, તે પાતીક લાગે આશે; જો નારીને મળી ફરી ન
આવું, જો રાજા તાહારી પાસે. ૧૧ મનુશની પેરે પંખી બોલ્યો, ત્રા-
હે ત્રાહે કરીને નળ બોલ્યો; હું મુંકુછુ નીરધાર, તું જાણે પરમેશ્વર
જાણે; તારા સમતણો વિચાર, મનુશની પેરે પંખી બોલ્યો. ૧૨ હું
પ્રતીજ્ઞા માટે મુકુંછું, તાહારી માતાને મળવા સારૂ; નહી આવે તો
શું સંકટ ચડાવીશ, કેહે કાહાડીશ નાત બાહાર; મનુશની પેરે પં-
ખી બોલ્યો. ૧૩ એહેવું કહીને પંખીનું કે, તે ઉડી ગયો આકાશ;
રૂદન ના કરશો કેહેતો આવ્યો પ્રેમદાની પાસ, મનુશની પેરે પંખી

બોલ્યો. ૧૪ સમા કહયો સ્વામીએ, સગઝાવી સુંદરીરે; સંતોખી નારીને પોતે આવ્યો, નળરાજાની કને ફરી; મનુશની પેરે પંખી બોલ્યો. ૧૫ જેમકો અંધ આનંદ પામે, ફરી આવે લોચન; તેમ રાયનું હંસ દેખી, હરખ્યું અતિશે મન; મનુશની પેરે પંખી બોલ્યો. ૧૬ ભુપ કહે આ કાળને વિશે, પંખી કો શાંતવંત; પ્રતીજ્ઞા પાળી પોતાની, તુને વ્હાલા હશે ભગવંત; મનુશની પેરે પંખી બોલ્યો. ૧૭ હંસ ભણે હો ભુપતી, સાંભળ મારા મિત્ર; બોલ્યું વાએક ના પાળીએ તો, કાગ કરતાં શો અંત; મનુશની પેરે પંખી બોલ્યો. ૧૮

॥ વલણ ॥ અંતરશો અમો કાગ કરતાં, મીત્ર જુઓ હમારી પેરરે; પછી હંસ સાથે અસ્વે બેશી, આવ્યા પોતાને ઘેરરે.

॥ ॥ કડવાં ॥ ૮ ॥ ॥ રાગ દેશાખની દેશ ચાલની ॥ ॥

નળરાજા મંદીર આવીયા, શુભ હંસ સાથે લાવીયા; સેન રાયણું સામું જુએ, દેખી હંસને વિસ્મય થાય. એણી પેરે પુછે પ્રધાન, આ વસ્તુ કયાં પામ્યા રાજંન; નળ કહે સરોવર માન, ત્યાંથી મુજને આપ્યો ભગવાન. એ તો મારો થયોછે વીર, એવું કહી આવ્યો મંદીર; કીધુ કનકતણું પીંજર, હંસને રેહેવાનું ઘર. એકઠા બેઠા બંન્નો જમે, ધુતક્રીડા તે રશીઆ રમે; અન્યો અન્ય કાંઈ તંબોલ, મુખે વાણી બોલે કલ્લોલ. હંસ વિના ન ચાલે ઘડી, પ્રેમ રેણુંશુ પ્રીતડી જડી; અશોક વાડીમાં એકવાર, બેઠા બન્યો ગુણ ભંડાર. હંસે વાત વિરહની કરી, નળને દમયંતી સાંભરી; હુઓ ભાજ્યો અકસ્માત, તેણે કીધો આંસુ પાત. હંસ પુછે હો મારા વીર, તારે લોચને કાંહાં વહેનીર; નળ કહે શું પુછે મુને, એટલી સુજ શું નહી હોય તને. પરણ્યા કુંવારા ન જાણ્યા અમો, ઘરમાં ભાભી દીઠી તમો; હંસ બોલ્યો કરને ધશી, મેં જાણ્યું ભાભી પીયરમાં વશી. કુંવારા નવ જાણું માટ, શું પૃથ્વીમાં કંન્યાનો દાટ; પોતાની પાંખે લોહયું જળ, હંસે રોતો રાખ્યો નળ. મરકલડું કરી મહીપતી, મિત્રશું બોલ્યો વિનતી; જે દાહાડે મેં તમને ગ્રહયા, તે બોલશું વિસરી ગયા. તેં કહયું મુકો એકવાર, હું કાંઈક કરીશ ઊપકાર; એ બોલ કયારે પાળશો, મોટું દુઃખ કયારે ટાળશો. વળતો હંસ કહે મ્હારાજ, હું સરખું કાંઈ સોપો કાજ; મહા કઠણ જો કારજ હશે, તે હું સેવકથી

સરી થશે. નળ કહે તમો ફરો સર્વથી, મારી જીભ ઊપડતી નથી; કપરૂ કામમેં કયમ દેવાય, કદાપી થાય કે નવ થાય. ન થાય તો નવ પામશો ખેદ, લાજશો નહી ઘેર આવજો વેદ; હંસ કહે અમથો નહી વળું, હું રીસાવાનું નહી પુતળું. ચઉદ લોકમાં ગયાની ગત્ય, તારૂ કારજ થાશે સત્ય; નળ કહે હો પંખીજન, કાયા સોનાની ચાંચ રતન. એવી તમારી દીસે કાય, કયાંથી વર પામ્યા તમે ભાય; હંસ કહે સાંભળીએ નળ, સરોવરમાં સોનાના કમળ. અમારે ભોજન કરવું તેહ, જેવું જમીયે તેહવી દેહ; પાળપગથીએ જડયાં રતન, ત્યાં ચાંચ ઘસુ પંખીજન. તેની વળગીછે રેખાય, માટે રત્ન જડીત ચંચાય; હવે ન પુછશો આટી વાત, કામ શું છે કોહોને ભ્રાત. નળ કહે વિદરભા દેશ, કુંતલપુર ભીમક નરેશ; તેને દમયંતી દીકરી, કારણ રૂપે તે અવતરી. ॥ ॥ વલણ ॥ ॥ અવતરી તે કારણ રૂપે, વણ દીઠે મોહ થયો મને; તે નારીનો વીવા મેળવો, હું માગુંછું તમકને. ॥ ॥ કડવાં ॥ ૯ ॥ રાગ રામગ્રી ॥ ॥ હસીને બોલ્યો વિહંગમ વાણીજી, એશું માગ્યું ભાર બહુ આંણીજી. ॥ ઢાળ ॥ ॥ માગી માગીને શું રે માગ્યુ, દમયંતી એક નારી; દેવ કન્યા આણી આપું તો, કવણ ભીમક કુમારી. વીદ્યા વરીને ગ્રાંધ્રવી તે, હોય રૂપ નિધાન; તે નારીના રૂપ આગળ, દમયંતી મુકે માન. કોટિ મુગધા પરણાવું, પદમની ગઉરવ ગાત્ર; તેની કાંતી આગળ દીસે, દમયંતી દાશી માત્ર. અતળ વિતળ સુતળ તળાતળ, રસાતાળ પાતાળ, ત્યાં પેશી નાગ કંન્યા કેહે તો. આણી આપુ ભુપાળ, નળ કહે હું સકળ કંન્યા; પામ્યો પંખી રાય, કોટીક રજ તેં કરયાં. મેળવ વઇદરભિ વીવાય. એક માસનો વાયદો કરી, ઉડયો હંસ સુજાણ; નળ કહે મને ત્રીસ દાહાડા, ત્રીસ જુગ પરમાણ. આઠ દિવસની અવધ્ય કરીને, કેહેતો ગયો ગુણવાન; પાડી ચોળજો નળરાજા તમે, તત્પર કરજ્યો જાન. ભુપ કહે આમાણુને, હંસના કેહેવાય; હું તો તું વીના એવો સુનો, જેમ પ્રાણ વોણી કાય. એવું જાણી જો વિલંબ કરો, રખે પશુનો સ્નેહ; અવધ્ય ટળશે આવ્યાની તો, પડશે મારો દેહ. વિશ્વાસ આપી વીરને, પછે પરવરયો ખગેશ; થોડેક દાહાડે આવીયો, વઇદરભ ડેરે દેશ. ભિમક રાયના ઘરની વાડી, ત્યાં દમઅં

તીનું ધામ; તે વાડીમાં હંસે આવી, દીધું નળનું નામ. ચંદ્રમા તે માંથે આવ્યો, છે પુન્યમ મધ્ય જામની; સખી સાથે દયુતરમતી, છે દમયંતી ભામની. તેણે સમે હંસે આવી, વખાણ્યો નળરાજાન; શા બ્દ સુંદર-સાંભળો, સામાએ ધરીઓ કાન. હરી વદનીએ હંસ જેયો, બેઠો ચંપક છોડ; આસું સોનાનું સાવજડું, થયો ઝાલવાનો કોડ. શોભતું ને બોલતું, નળનું કરે વખાણ; એ પંખી કર ચડે નહિ તો તજુ મારા પ્રાણ, અબળા તે હેઠી ઉતરી. કાઢયાં ઝાંઝર ચાંતરીઆળ, હંસે દીઠી કામની તારે; બેઠો નીચી ડાળ. આડી અવળી દોડે અબળા. ઝાલવાને ઉપાય, હાથમાંથી હંસ નાશે; ચપળ નવ ઝલાય, પંખી કેહેરે પ્રેમદા. અમો કમળના રેહેનાર, મને નળવિણ કોઇ ન ઝાલે; તું કોણ ઝાલણહાર. ।। ।। વલણ ।। ।। તું કોણ ઝાલણહાર મુરખ, તને ક્યાંથી નળની સુધ્યય; વચન સુણીને વિનતાએ કરી ઝાલવાની બુધ્ય રે. ।। ।। કડવાં ૧૦ ।। ।। રાગ મારૂ ।। ।। ચતુરા ભિમકની કુમારી, તેણે અકળીત વાત વિચારી; નથી હંસ દેતો મને સાવા, પણ નહિ દેઉં એને જાવા. પંખી ધીરે કમળને કાજે, મને હાથ આપ્યા માહારાજે; જેગવાઇ જગદીસે મેળી, મારી કમળ જેવી હાથેળી; શરીર સઘળુ કયાં સંતાડુ, પણ પંકજ એને દેખાડું. પોતાનાં વસ્ત્ર દાશાને પેહેરાવી, બેઠી ચેહેબચામાં આવી; માંથે મુકયું પલ્લાશુ પાન, વિકાશી હાથેળા કમળ સમાન. મધ્યે મુકયું જાંબુનું ફળ, જાણે ભમર લેછે પરિમળ; પોતે નાશીકાએ ગણગણતી, ભામા ભમરની પેરે ભણતી. હંસે હરીવદની ને જાણી, નહી પંકજ પ્રેમદાનો પાણી; જઇ બેશું થઇ અજ્ઞાન, પરણાવવો નળરાજાન. આણંદઆણી અંબુજભણી ચાલ્યો, બેસંતા માં અબળાએ ઝાલ્યો; દમયંતી કહે ઊડી કાન નાઠો, અલ્યા ગારૂવો થઇ શું ગાડો. મને દોડાવી કીધી દુઃખી, મુઆ તે મને નહી ઓળખી; તોહે અવગુણ નહિ વિચારૂં, બાપના સમજે નહી મારૂ. હંસ કહે શું જાઓછો ફુલ્લી, નથી બેઠો હું ભરમે ભુલી; હુંમાં પ્રાક્રમછે અતિઘણું, ચંચ પ્રહાર હાથેળી હણું. દમયંતી કહે હંસભાઇ, તારે મારે થઇ મિત્રાઈ; અંન્યો અંન્યે બોલતી હાં દીધો, હાથથી મુંકી ખોળે લીધો. તમે વખાણ કીધું સબળ, તે ભઇયા કોણછે નળ; તેનાં

કોણ દેશ માતતાત, તેહેની કહો વિસ્તારીને વાત. હંસ બોલ્યો મુખે હશી, કંન્યા ઘેલા દીસેછે કશી; નળના ગુણ બ્રહ્મ સભામાં ભણાય, નળ વિસ્ણું આગળ વખણાય. એ ભઇયા મોટા ચતુરસુજાણ, તે હું નળનું કરૂંછું વખાણ, નળ દીઠો નહી તે રોઝ, સાંભળયો નહી તે વખડાજ, નવ જોયો તેનાં નેન કેવાં, મોર પીછ ચાંદલા જેવા, એટલામાં તે ચીત હારી લીધું, મન મોહલાનું વીહ્વળ કીધું, બેહુ કરજોડી દમયંતી, હંસને પાએ નમયતી, હું તો પુછુંછું બીતી બીતી, નળની કથા કહો થઇતિ, છેબાળ વરૂદ્ધ જોબનઠામ, શેપ્રકારેધરયુંનળ નામ, તમે આવટયો જીભે વરણ્યો, તેછે કુંવારો કેપરણ્યો, એવાં વચન તેનાં સાંભળી, ત્યારે હંસ બોલ્યો કળકળી, નળછે કુંવારો નથી કંન્યા, મોટો બ્રહ્માનો છે અન્યા, અમો કોટીક નારી નરખી, નથી નળને પરણવા સરખી; એકવાર બ્રહ્માએ શું કરયું. સકળ તેજનું પાત્રજ ભરયું, તે તેજનો ઘડઓ નળરાય; રજવાધો પાત્રને માહે, તેહેની એક થપોલીકવી. તેનો આકાશે કીધો રવી, સાંજે વહાણે નળ નીસરે; તેજવંત તે વનમાં ફરે, સૂરય બીહીનો ઝાંખો કાહાડે કોર. સાંજે વહાણે ટાઢે પોહોર, ઘરમાં અષ્ટ થાય રાજાન; ત્યારે નીસ્ચે તપે મધ્યાન. ॥ ॥ વલણ ॥ ॥ મધ્યાને નળ જાએ ઘરમાં, માટે સૂરજ તપે ઘણુ. ॥ ॥ હંસ કહે હો દમયંતીશું, વખાણ કરૂ તે નળતણું. ॥ ॥ કડવાં ॥ ૧૧ ॥ ॥ રાગજતે સીની દેશી ॥ ॥ હંસ ભણે હો ભામની, બ્રહ્માંડ ત્રણ જોહાં સહી; પણ નળની જોડે મીંઢવું, એવો મહિતળમા કોઇ નહિ. જુગમાં રવિ સુત રૂપ આગળ, જાય નાંખી વાઢ; ગંભીરતાએ વરણવું પણ, અરણુવમાં ખારાટ. તૂલ્યનાકો નહિ, શીતળતાએ શશી હારયો; મુકી કળા પામ્યો કષ્ટ, તેજ થકો આદિત્ય હાર્યો. ફરેછે મેરૂને પૃષ્ટ, તૂલ્યના કો નહિ; ઇશ્વર યુદ્ધથી ચંદ્ર હાર્યો, કરે ઊપાય તે લાખ. નળ આગળ મહિમા ગઓ, માટે મહાદેવ ચોળે રાખ; તુલ્યનાકો નહિ, નઇ શદરાયના રૂપ આગળ. દેવને થઇ ચંતાય, રખે આપણી સ્ત્રિઓ વરે નળને; સરવે માંહી રક્ષાય, તુલ્યનાકો નહિ. સિધી બુદ્ધિને ધીરે નહિ, રાખે ગણપતિ અહોનિશ પાશ; રૂષિ પત્નિને રૂષિ નાઠા, જઇ રહયા વનવાસ. તુલના કો નહિ, પાતળમાં લોઇ પદમનિને, વશિયા

વરૂણ તે ભુપ, સ્વાહાને સાચવા વન્હિએ, ધરિયાં અડતાળીસ રૂપ; તુલ્યનાકો નહિ, ચંદ્રને સૂરજ નાશ ફરેછે. રખે વસ્તિ નારી, નારદ જી આગળથી ચેત્યા; માટે રહ્યા બ્રહ્મચારી, તુલ્યનાકો નહિ. હંસ ભણેહો ભામની, એમ સહુએ શાંમા સંતાડિ; નળના વપુ વાનથી સર્વે સ્રષ્ટિ કષ્ટ પમાડી, તુલ્યનાકો નહિ. પુરૂષને અદેખાઇનું બળવું, નારિને દાહે કામ; અનળ પ્રગટ્યો સર્વને, માટે નળ ધરાવ્યું નામ. તુલ્યનાકો નહિ. જપ તપ તિરથ જેણીએ, કરયાં હશે સેવ્યો હિમ પર્વત, તે નારિ નળને પરણશે; કાશિએ મુકાવ્યું કરવત, તુલ્યનાકો નહિ. બ્રહ્માજીનિ સ્રષ્ટિમાહે, ન મળે જાચક રૂપ; નળને રૂપે દરિદ્ર છે ઘાં ભિક્ષુક ભુપ, તુલ્યનાકો નહિ. ત્યારે દિન થઇ દમયંતી બોલી નિરમળ ભુપાળ, જાપ તપ કરતાં મ્હારૂ ભાઇ; મેળવો વેવીશાળ, તુલનાકો નહિ. હંસ કહે એ ફોકટ ફાંફાં, વામણો ઇછે આંબા ફળ; તેમજ તુજને ઇછા થઈ, ભરથાર પામવા નળ. તુલ્યનાકો નહિ, હજા ર હંસ ફરે મુજ સરખા; નલરાજાના દુત, ખેપ કરિ પરણાવિએ અં તે, તુજસરિખું ભુત. તુલનાકો નહિ, વચન સુણિ વીહંગ મન; અબ લા એ મુકયો અહંકાર, ભુડા એમશું મુજને નિંદેછે. આપણે મીત્રા ચાર, તુલનાકો નહિ. સ્નેહ છે સત કૃત્યનો, એમ વેદ વદેછે ન્યાય; એવું જાણિ પરણાવ્યા નલને, લાગું તારે પાય તુલનાકો નહિ. ।

॥ વલણ ॥ ॥ પાય લાગુને નલ માગુ, હું આવી તારે શરણ; નહિ તો પરાણ મારા જશે, પંડ પડશે ધરણરે ॥ ॥ કડવાં ॥

॥ ૧૨ ॥ ॥ રાગ વેરાડી ॥ ॥ હંસ ભણેહો ભગની મારી, ભીમક રાજકુમારિ; નીસ્ચે નલ તુજને પરણાવું, મને દયા આવેછે તારી, હંસ ભણે. અમો મલ્લાને પરાણ આપીએ, પુરિએ મનની આ શ; તારો મોહલ્લ ગાડું નલને, નાંખી ઉંચા નીચા પાશ. હંસભણે. એક જડી બુટી સુંઘાડું નલને, તતક્ષણ થાશે ઘેલો; આફરો આવિ રેહેશે ઉભો, વેહેલો સરવથી પેહેલો. હંસભણે. નલને તું નિરધાર પરણજે, એ મારો સંકેત; રખે તૂં તાર પેહેલી પરણી, તારેહું થા ઉ ફજેત. હંસભણે. આવશે નલનાં રૂપ ધરીને, છે દેવ મોટા ઘાતી, વણ તપાશે રખે વરતી; ડાહી થઇને વહાતી, હંસભણે. નલ અમર માં વેહેરો છે, ઓલખાઉ તે વેશ; દેવ રહેશે અંતરીક્ષથી ઉભા, ન

મ'ગે મેષી નમેષ. હંસભણે, સ્વયંવરનું ઘેર રચાવે; વળી કરજે એક વાનું, તારો તાત તનોતરૂ મોકલશે. તૂં પત્ર લખજે છાંનું, હંસભણે. હંસરાયનાં વચન સુણીને, વામા કરેરે વિદાય; જાઓ કેહેતાં મારી જીભ કપાએ, ગયા વીના કામ ન થાય. હંસભણે. હોરે વિહંગ મ- હોરે વિહંગમ, મારો વિરહનો વન્હિ સમાવો; વિરસેન સુતને વી- વા અરથે, વીરા વેહેલો લાવો. હોરે વિહંગમ, તારા વાણી નળને વિજોગે; એ બે દુઃખ હું દુખાળી, અન્ન ન ભાવે નિંદ્રા ન આવે. મેળાપ તમારા ટાળી, હે રે વિહંગમ. વિસ્વાસ આપીને વાત વિવા ની, રખે જાતા વિસરી; સ્વયંવરમાં નળ નહિ આવે તો, પ્રાણ જા શે નિસરી. હોરે વિહંગમ. જો તમો નાથ આણી નહિ આપો, તો કોણ આપશે વાળનૂં; મ્હોટું પુન્ય છે મનુષ્ય રાખ્યાનું, અનંગ અ- ગનિથી બળતું. હોરે વિહંગમ. મારાં માતપિતાને ભાઇ, તેને લાજુ કહેતી; કેમ કેહું રાય પરણાવો નળને, મને કહે સઊ અલેતી. હોરે વિહંગમ. ગુપ્ત વાત તે મિત્રને કહિએ, વાહાલાંની હોએ ચોરી; વણ રોગ ચાલ પુના વેદન, તું હંસ જાણે મોરી. હોરેવિંગમ. તારી આ શા સુત રમેતાં તણે, પ્રાણ રેહેશે વળગી; વિવા વાત મિથ્યા સાંભ- ળતાં, દેહ થાશે પ્રાણથી અળગી; હોરે વિહંગમ. વિશ્વાસઘાતનું પાતક મ્હોટું, તમો ડાહ્યાને શું કહિએ; પ્રહ્નની વાત કરિને જાઓ છો, નથી કરી નાને છઇએ. હાંરેવિહંગમ. હંસભણે હો ભગની મા- હારી, નીસ્ચે રેહેજે વિશ્વાસે; એવુ કહીને ખગ ગયો, ઊડીને આકા શે. હોરેવિહંગમ. આવી ઊભો નળની પાસે, પુછે વાત જે વીતી; સમાચાર કહયો હંસે ત્યાં, નળને તે અથ ઇતિ. હોરેવિહંગમ. પંખી કહેહો પુણ્ય સ્લોકજી, બીજી વાત શું કરૂં; દસ પાંચ દિવસમાં આ વ્યું જાણજે પરણવાનું નોતરૂ, હોરેવિહંગમ. ॥ ॥ વલણ ॥

॥ ॥ નોતરૂ આવશે સ્વયંવરનું, હંસે વાત ભ્રાતને કહી; વે- વિશાળ મળયું દુત ફળ્યું, તેમાં કાંઈ સંદેહ નહિરે. ॥ ॥ કડવાં ॥ ૧૩ ॥

॥ રાગ મલારની દેશી ॥

॥ બંન્યો મિત્ર મળીને બેઠા, પુછે નળ ભુપાળજી; વિર વિહંગમ કહોને વારતા, કામ થયું વેવીશાળજી. નામ ઠામને ભુપ રૂપ ગુણ, ગોત્રને આ ચરણજી; સરવાંગે સંપુરણ શામા, માન્યું અંતઃકરણજી. કેમ ગયો કેમ થયો

હુત તે, વાત કહો મને માંડીજી; તે કંન્યા કેમ બોલી તુજ સાથે, લજ્જા મનની છાંડીજી. પંખી કહે સાંભળીએ સ્વામી, કંન્યા વરણુ વીવેકજી, શેષ છેક પામે નહિ સ્તવતાં; શું કરૂજી ન્હાએકજી, કુંદન પુર તે કુંદન જેવું. જોતાં મોહ ઉપજાવેજી, શું વૈકુંઠ આણ્યું પૃથ્વીમાં અમરા પુરીમાં લજાવેજી. ચારે વરણુ ધરમને પાળે; ઇચ્છે હરીએ કાંઇ કરતેજી, સુખની વ્રત્તી નીરભે પ્રજાને. આણુ ભીમકની વરતેજી, આનંદ ઓછવ વાજીંત્રવાજે; ઘેર ઘેર હરીની શેવાજી, વાસ વિષ્ણું વિરંચી ઇચ્છે. વાસ વસુખીને લેવાજી, વિદ્યા મુકાવી નીશાચરની; તે શિખ્યા નિશાચર કામજી, ભુગ્મ કપાટ વિજોગી પુરમાં. જુઓ રહે અષ્ટ જામજી, કમ ત્યાગ પારધીએ કીધો; ગુણકાએ ગ્રહી લજાજી, ઉચાટ એક અધરમીને ત્યાં. સકેપ ધરૂજે દ્ધજાજી, ભુવન ભારે ભુપ ભિમકનાં; તે ત્રણુ ભુવન વ્યતિરેકજી, ઘરની વાડી પરમ મનોહર. મધ્યે અવાસ છે એકજી, સપ્ત ભોમ્ય તે ભોમ્ય પ્રમાણે; ફરતી બારી જાળીજી, દસ હસ્ત્ર નારી આયુદ્ધ ધારી. કરે કન્યાની રખવાળીજી, ચંદન ચંપક ચારોળીને; વટવાળો વેલડીજી, ફંનસ ફોફળને વળી સ્રીફળ. શાખ આંબા શેલડીજી, બીલી કોઠી દ્રાક્ષ દાડમડી; નારંગીને નેત્રજી, અખોડ ખજુરને લવીંગ લત્તા છે. ખારેકોનાં ખેત્રજી, શીતળ જળ કમળ કેતકી; કુસુમ પુરણુ કુંજજી, મળી આગર મોગરા માલતી. ત્યાં ભમર કરેછે ગુંજજી, વેલ વાલોળ પરવળનાં વળી, શીતળ વાય સમીરજી; રેણીએ પંખી વાંણી બોલે, ડોલે ગેર ગંભીરજી. સાગ સીસમ સરગુવા સાદડી, તાલને તમાલજી; કણેર બાવચી બદામ બદરી, જાવંત્રી જાય નાળીજી. વાડ વાટીકા વંક વળામણ, બોરસડો બીજોરીજી; વલ્લડી સાહેલડી વળગી, હીંડે ગુણવંત ગોરીજી. તે વનમાંહે હું ગયોને, હવો હરખ પુરણુજી; પ્રસ જુથમાં પેઠો જઇને, ગુપ્ત રહીને વરણુજી. દાશી સરવ થઇ નીંદ્રા વશ, ઇંદુ આવ્યો માંથેજી; દમઅંતીએ દયુત આરંભ્યું, સખી માધવી સાથેજી. તે સમે મેં તમને વરણુવ્યા, સામાએ ધરીઓ સ્રવણુજી, ઉઠી બાળા અટારીએ આવી; જોતી નેત્ર નીક્ષણુજી, પાસે દાસી બંન્યો રાખી. ચતુરા ચોદશ ભાળેજી, આ વનમાં કોજંન આવ્યો છે; બોલી કરે આ કાળેજી, ॥ ॥ વલણ

॥ ॥ આ કાળે બોલી કોણ કરેછે, જુએ વનમાં ફરી ફરી; હંસ કહે હું હવો વિસ્મય, શું વખાણું એ સુંદરીરે. ॥ કડવાં ॥ ૧૪ ॥ રાગ ધનાસ્રી ॥ ॥ ભુપ મેં દીઠી ગર્વ ઘેલડી, સખી બે મધ્યે ઉભી અલબેલડી; કદળી સ્થંભ જુગલ સાહેલડી, વચે વઇદરભિ કનકની વેલડી. ॥ ॥ ઢાળ ॥ ॥ વેલ જાણે હેમની, અવેવ ફુલે ફુલી; ચાકત ચિત્ત થયું માહારૂ, ન ગયો હુત ત્વ ભુલી. શામ શામાં રહ્યાં શોભે, વ્યોમ ભોમ્યને સોમ; ઇંદુમાં બીંદુ બિરાજે, જાણે ઉડગણ ભોમ્ય. ઊભે અમી નિધિ કીરણ પ્રગટયો, કથા થઇ પ્રકાશ; જ્યોત જ્યોતથી સ્થંભ પરગટયો, શું એથી રહયો આકાશ. કામનોનો પરીમળ બેહેકે, કળા શોભે લક્ષ; શકે ધરા ધર વાશ લેવા, ચડયો ચંદન વ્રક્ષ. કુરંગ મીનની ચપળતા, શું ખંજન જાળે પડીઆં; નેત્ર અણી અગરે સ્રવણ વિંધ્ય, સોચ થઇની પડીયાં શકે નેત્ર ખેત્રછે મોહનું. ડોડાળાં અબુજ, ભુવશરા રાસન દુષ્ટિશર; હાવ ભાવ બંભુજ, ગળ સ્થળ નારંગ ફળશાં. આદિત્ય ઇંદુ અકોટી, અધર પરવાળી દંત કનક રેખા; જીંહ્વા જાણે કશોટી, કીર આનંનપર સ્રીખંડ શોભે. કોએલ બોલે અણછતી, વનલતાપર પંખી બેઠો; નવ રેહેવાયું મારીવતી, અધરસપર સ્વેત બિંદુ. એ જાણ્યું કરૂ ગ્રાસ, ઉદરશર આભરણ અંબુજ; જઇને પુર વાસ, નાભી નીકટ મેખળા. રહે ગમન સાથ હમારો, રોમા વળી દરૂમ કુચટોડા; ઉર મંડળશું ઉવારો, અંગ રંગ તરંગ રયોવન. જોતાં તરૂપ્ત થઇએ, ક્ષુધા તરૂષા પિડે નહિં; રૂપ સુધામાં રહીએ, કુચ ભુષણ કદળી ઉપરે. શબ્દ તેનો ઉઠે, ન બોલે પંચો પણ પરહાર થાતે; લાગ્યો એ વન પુંઠે, સ્કંધ વદન તે કદળી સરખા. ખરતો વજતો એ પાખે, સુધ બુદ્ધ નવ રહી મારી; હું બોલી ઉઠયો અભિલાખે, વદી વાણી વ્યોમ ચરની પડયો મુરછા ખાઈ. હાટક રૂપે દેખી સખી સાથે, મુંજને ગ્રહવા ધાઇ; મોહ વારૂણી પીપડો, કંન્યાએ ગ્રહયો આવી. ભુજ અંબુજ મેં પણ ભેહ્યાં, તોએ મન નવ લાવી; નાત ગામને નામ પુછયું, સ્વામિ તારો કુણ. રટણ રસનાએ કરે બાંધી, એવો વરણ નીપુણ; સ્વામિ નળને વરણુન નળનું, હુત નળનો હુંય; ગીરી તરૂવર કે ધાતુ ફળકે, કુશુમ નળ તે શુંય. પરાણ નળકે ઉદર નળકે, જળ નળ ગ્રેહેનો;

રહે તુજ મળ્યે કાર્તિક મળે, એ વરણુ તેની દેહતો. પર અગ્ર વૃશ્ચિક આંકડો, ભેદ્યું નીજ ભુતાળ; શકે તારા નાથનો એવી કાયા છે કોમળ, શબ્દ સુણી શામાતણો. હું સહી રહયો તે કાળે, તમ પ્રતાપે તારૂણીને; મેં નાંખો મોહ જાળે, અમ્રત ઘટ થાએ જો ઉગ્યો. અમર પ્રાત જ્યારે કરે, વઇદરભીની વાણી સુધા જાણી; લેઇ કુંભ પુરો ભરે, વિનતા વદન વિધિએ કીધું. સારશ શીનું લીધુ, નક્ષત્ર નાથને લાંછન ભાસે; કલંક લાગટ કીધું, ગ્રહે સને શરવરી પતિને. ગોપ્ય ઉભા ફરે, વઇદરભિના પકત્ર આગળ; અમર તે આરતી કરે, દ્રવ્ય સમુદ્ર નિરાવ કરવા. વિધિકને કળાધર ગયો, કર અંબર ચંદ્ર કાઢયો ઠેશે; તે અદયાપી અંત્રિક્ષ રહયો, સંસાર સર્વનું સાર લીધુ. દિવ્ય દેહડી થવા, ઘડિ દમઅંતીને ભુજ ખંખેરયો; તેના તો તારા હવા, યજ્ઞ યાગને ધર્મધ્યાન તિરથ, કીધા હશે સમસ્ત; તેહેને પુણ્યે પુણ્ય શ્લોકજી, ગ્રેહે શો દમઅંતીનો હસ્ત. ભાગ્ય ભુપ એ તમતણું, જે વશ વઇદરભિ વળી; વેવિશાળ મળ્યું તે દુત ફળ્યું, નવશકે તેનું મન ચળી. કાલ આમંત્રણ આવશે, તમે કરો તત્પર જાન; એ વાત નિસ્ચે જાણજો, તેના સાક્ષી શ્રી ભગવાન. આનંદ નળ પામ્યો ઘણો, પણ સ્વપ્ના સરખું ભાસે, વિશ્વાસ મન નથી આવતો. જે વિના કેઈ પેરે થાશે, ॥ ॥ વલણ ॥ ॥ થાશે સંબંધ [illegible]-તાનો, એ આશ્ચર્ય મ્હોટું સર્વથા; કહે પ્રેમાનંદ કહુ હવે, દમઅંતીની કથા. ॥ ॥ કડવાં ૧૫ ॥ ॥ રાગ ગોડી ॥ ॥

હંસ વળાવીને વળી વીનતા, જ્યાં પોતાનું ધામ; દમવા લાગ્યો દમઅંતીને, નળના વીરહનો કામ. વખાણ બાણ શામાને વાગ્યાં, પંખી ગયો મોહ મેહેલી; રોમે રોમે વન્હિ પ્રગટયો, લાગી તાલાવેલી. ઘડીયે ઘરથી બહાર નિસરે, બેસે જઈને અટારી; ચંદ્ર કીરણ અગનીથી અદકા, મારશે મુજને બાળી. વણ પરણ્યાંને વ્યાકુળ કરવા, વ્યોમ વશોઠો પાચી; શું કહિએ કમળા પતિને, રાહુનું મસ્તક નાંખ્યું કાપી. સિંહીકા સુતને શરીર હોત તો, મુજને ચિંત્તા થોડી; સુધા કરને ગળત પેટમાં, બળી થાત રાખોડી; જળ પાત્ર વિશે ઇંદુ બીંબ દીઠું, સખીને કીધી સાન. લાવ્ય ભોગળ રિપુને મારૂ, પ્રહારે વિષ્ટ સમાન; એમ કરતાં પ્રાતઃકાળ થયો, તારૂણીને આવ્યો

તાવ. અન્ન ન ભાવે નીંદ્રા નવ આવે, વાત તણો નહિ ભાવ; અગ્નિના તણખા સરખા લાગે, ટાઢક ચરચે જેહ. વાયુ વ્યાધના બાણ સરીખો, નીસરે સોસરો દેહ; દુઃખ તું જાણી આવી રાણી, જોઉં વસ્ત્ર ઉઘાડી. ચુંબન કરીને પુછે માતા, શું દુખ છે તને માડી; લાડ કવાઇ કયાંથી જીવે, છે કર્મ અમારાં દોખી. અક્ષત ઊતારો દ્રષ્ટિ બેઠી હોય, કોઈ નીમેસ્ત્રી ચોખી; પરણ્યાનો ઓરીઓ નવ ચિત્યો, જાત સાસરે સમોતી. રત્ન દીકરી કયાંથી જીવે, ત્રણ ભાઇની બેહેન પનોતી આવડો તાવ તે તારૂણીને શો; દઇવને ઘેર વળ્યો દાટ, કહે કુંવરી અંતરની આપદા. અમને થાએ ઉચાટ, મુખ મરડી દમઅંતી બોલી; લરડાં માણુસ નઠોર, પરણ્યાં કુંવારાં કાંઇ ન પ્રીછે. ફેગટ કરવો સોર, હું સમાણી જાય સાસરે; તેના જોને ભોગ, તેની પેરે મારે થાશે. આ પુરો જાશે રોગ, વચન સુણીને સમજ્યાં રાણી; પુત્રી થઇ પરણનારી, ભામનીએ જઇ કહ્યું ભિમકને. કયાં લગી રાખશો કુંવારી, વાહાણું વાયને આવે દુઃખડા; એ જીવે આ બાળકી, કોને ભાગ્યે કાળથી ઉગરે. પરણાવી કરો પારકી, દીકરી-માણુસ-મોટું થાય ત્યારે; પીયરમાં ન સોહાય, સ્વયં વર કરીને પરણાવો. જ્યાં એની ઇચ્છાએ, રાએ પુત્ર પોતાના તેડયા; કહ્યું બેહેનને પરણાવો, દેશ દેશ તણા રાજાને, દુત મોકલી તેડાવો, અન્ન ધન તરૂણની સામગ્રી; મંડપ મોટો રચાવો, ધવળ મંગળ ગીતન ફેરી. અપ્સરાઓ નચાવો, સ્વયં વરની સામગ્રી માંડી; મળ્યા મોટા રાજાન, નળને તેડવા ભિમકે મોકલ્યો. સુદેવ નામ પ્રધાન. ॥ ॥ વલણ ॥ પ્રધાનને નઇષદ મોકલયો, હંસે કરયું હતુ વખાણ; દમઅંતીયે પત્ર પાઠવ્યું, વાંચી નળે દીધાં માનરે. ॥ ॥ કડવાં । ૧૬ । ॥ રાગ સારંગ ॥ ॥ આવીસુ દેવને આપ્યો કાગળ, રૂદયે ચાંપીને વાંચે નળ; સ્વસ્તિ શ્રી નઇષદપુર ગાંમ, પુણ્ય શ્લોકજી પુણ્યવંત નામ. છે કાલાવાલાની કંકોતરી, લખીતંગ દમઅંતી કિંકરી; અહીઆં આવી ગયા ખગ પત્ય, કહે વાત તે માનજો સત્ય. મેં તો તમને સમર્પ્યું ગાત્ર, સ્વયં વરતો નિમિત માત્ર; મીન નીરને જેહેવી પીત, માહારા સરખુ રાખજો ચિત. વાંચી પત્રને હરખ્યો નળ, તત્પર કીધું જાનનું દળ; અતિ શીઘ્ર સાંચરીયો રાય, શુકને મળી સ્વચ્છી

ગાય. કુરંગ કુરંગણીની સાથ, હરણાં ઊતરયાં તે દક્ષિણ હાથ; હંસ ભણે ભલા સુકન, તું દમઅતી પામે રાજંન. વઇદરભ જઇને સિધ કીજીએ, અમને આજ્ઞા હવે દીજીએ; વળી કો સમે આવીશ રાજન, તું છે મારો પ્રાણ જીવન. ભાઈ તુજને કહું વિનતી, દયુતના રમશો નઇષદપતિ નવ કરશો અગ્નિનો વિશ્વાસ; એ બે થકી થાએ વિનાશ, ચાલો ખગપતી વિનતી કરી. નળરાજાએ આંખડી ભરી, હંસ કહે સાંભળ રાજન; એમ કહીએ ન કાચું મન, માતપીતા સુત બાંધવ જેહ; સર્વે વેર સબંધે મળ્યું તેહ, તારે કાજે મેં રાજા એહ. ખગપતિ નો ધરયો દેહ, હુંછું બ્રાહ્મણને તું બ્રિહ્નરાય; પુર્વે જન્મની કહુ કથા ય, મારા ઘરમાં હું દુઃખીઓ થયો. કાશી કરવત મુકાવા ગયો, એ વો સમો મનમાં ધરી; ચાલ્યો વનમાં સમરયા હરી, અઘોર વનમાં ભુલો પડયો. ત્યારે સ્થાનક આવી ચડયો, તેવા માંહે રજની થઇ; દ્વાદશ કોશમાં વસ્તિ નહિ, તેવા વનમાંહે રેહેતો તુંય. ત્યાં આવીને ચડીયો હુંય, તારે સ્થાનકે આવી રહયો; ત્યાં તું પણ ચિંતાતુર થ યો, મારી આગતા સ્વાગતા કરી. પણ સુવાની ચિંતા ધરી, નાહાની હતી ગુફાછેક; આવ્યું માણસ માયન એક, તારી સાધવી નારી સુ જાણ. મ્હારૂ આસન કરયું નિર્વાણ, તુતો વારા બાહાર રહિયો: રાક્ષસ આવી તને મારિયો, માંસ ચરણ હસ્ત હેઠે રહયું. નવ જાણું તેનું શું થયું, તારિ અસ્ત્રિએ તજ્યો ત્યાં પ્રાણ; કાષ્ટ ભક્ષ કરી નિર્વાણ, મરતાં એવું બોલી સતી. એજ વર દેજો કમળાપતી, એવું જયારે સ્ત્રિ બોલી વચન; ત્યારે મેં વિચાર્યું મન, શું જીવું હત્યા બે કરી. એને તું મેળવજે હરી, એવું કહીને હું તે વાર; પડયો બળતા અગ્નિ મોઝાર, તે માટે પંખી અવતાર. લીધો નઇસદમાં આ વાર, એવો બોલ ખગપતિએ કહયો; શિરનામીને ઉભો રહયો, આજ્ઞા આ પો તો તત્પર થાઉ. અમો અમારે સ્થાનક જાઊ, એવી વિનતી હંસે કરી; નળરાએ આંખડી ભરી, એ શું બોલ્યો તું મારા વીર. તારા વીના ધરૂ કેમ ધીર, અપયું તેમને પ્રાણનું દાન, તું છે મારા બંધુ સમાન. હંસ કહે તે ખરૂ કહયું વીર, પણ સાંભળ પરમ સુધીર; તારૂ રણ છુટયો હું ભ્રાત, હવે રેહેવાની કરોશ ન વાત. એમ કહીને ઉડયો આકાશ, ત્યારે નળે મુકયો નીશ્વાસ; નળ પોહોત્યો જયાં

વઈદર્ભાદેશ, મળ્યા મોટા મોટા નરેશ. ચોફેર વરયાનાં ધામ, જેટલા રાજા તેટલા ગામ; સાગર મધ્યે નાવડું જેમ, ભિમક નગરી તો દીસે તેમ. ગજદળ હય દળને માનવ, અન્ન મોઘું થયું છે સરવ; રસ કસ સામું નવ જોવાય, તરૂણ જળ તે ટાંકે તોળાય. શાક રજની ચાલે અરજન, માગ્યાં મુલ આપે ગરજના; ભિમક લેછે સરવનો તપાસ, જે જોઇએ તે ફેરવે દાસ. નજર ભરિયું છે ખચ ખચી, રાએ મંડપ રચના રચી; હિંડોળા ખાટ બાંધી ધારણે, કદળી સ્થંભ રોપ્યા બારણે. ચિત્રામણ ચિતરીયાં ભીત, નાના પ્રકારની કીધી રીત; મંડપ લિપ્યો કનકની ગાર, સામસામી આશન નીહાર. જેને જ્યાં બેસવાનો ઠામ, આશન ઉપર લખ્યાં નામ; એ કથા એટલેથી રહી, એક વારતા બીજી થઇ. નારદને નળહની ટેવ, ગયા સ્વર્ગ જ્યાં બેઠા દેવ; પુજા આરચ્યા પ્રીતે અપાર, એક ઇંદરે પુછયો સમાચાર. કહો રૂષીજી પૃથ્વીનીપેર, કોઇ પુરૂષ ન આવે ઘેર; પૃથ્વીમાં પડતી સાધુની હાય, તે આવતા સ્વર્ગનીમાંય. અમરાપુરીનો સુનો ઘાટ, જમપુરીની વહેછે વાટ; જમ નગર ભરાઇને વસ્યું, અહીયાં નાવે તે કારણ કશું. કહે નારદ સાંભળો સત્ય, હવડાં મનુષ પાંમે અવગત્ય; દમઅંતી દમઅંતી કરતા મરે, તે સરવ જમપુર સંચરે. જેણે દમઅંતી નારખી નથી, તે જીવતો મુઓ સરવથી; ત્યાં સ્વયંવર માંડયો આજ, મળ્યા પૃથ્વીના માહારાજ. શું અપસરાના વહોછો વન, દમઅંતાની દાશી દેવાગના; વઇદરભ દેશને કુંતલપુર, જાઓ જોવા શું બેઠા સૂર. કહી રૂષી થયા અંતર ધાન, ત્યાર દેવ થયા સાવધાન; સંભારી રૂપ મનમાં ફુલતા, ચાર દેવને લાગી લલુતા ઇંદ્ર અગ્નિ વરૂણને જમ. ઊઠીને ચાલ્યા જેમ તેમ, ॥ ॥ વલણ ॥ જ્યેમ ત્યમ ચાલ્યા દેવતા, ધરી જુજવાં રૂપ; વઇદરભ ગયા મન ભંગ થયા, દેખી નળનું રૂપરે. ॥ ॥ કડવાં ॥ ૧૭ ॥ ॥ રાગ સારંગ ॥ ॥ નળને જોવા ઇંદ્ર રહ્યા છે, એહેવે આવ્યા જમજી; અગ્નિ વરૂણ પુઠેથી આવ્યા, પુછે માંહોમાંહે કયમજી. અનો અન્યે ચોરી કરત, બોલે જુજવાં કામજી; ચારે દેવ માંહો માહી છેતરે, નલે પરણ્યાનું નામજી. અગ્નિ કહે શું અધર્મ બોલો, સઉ દમઅંતીના લોભીજી; મન નામનો રથ પણ રહ્યા મનમાં, નળ આગળ

કાંતિ ન શોભીજી. તાળી દેઇ હસ્યા માહોમાહે, કપટ કીધું ત્યાગજી; સ્વયં વરમાં ચારે જઇએ, કોઇનું ભળશે ભાગ્યજી. વરૂણ વદે એ વઇદિરભીને, મુકશો વરાનો આશાજી; પરણુશે નળને આપણુને ફજેતી, છેદાશે આપણી નાસાજી. અગ્નિ કહે હો વાસવ રાજા, મુકો હૈઇઆનો હર્ષજી; દમઅંતી તમો નહિ પામો, જો તપશો સત વર્ષજી. ભિમક સુતાને આલિગન નહિદે, અમા મિઆં આપણાં ગાત્રજી; વીરસેન સુત આગળ વિશનું ન પામે, તો આપણે કોણ માત્રજી. કદાપી નળને મુકે માનની, આપણી મમતા કરેજી; તો ગુણ વહોણી દમઅંતીને, બલા આપણી વરેજી. લક્ષણ વોહોણી દમઅંતી છે, રૂપ ચીવન ઉનમતજી; ગોળ મુકી જો ખોળને ખાશે, તો ચતુરા પશુ વંતજી. બેહુ પ્રકારે અને પરણવી, તે માટે પાછાં ન ફરવુંજી; મનુષ વરે દેવ વરે પાછાં તો, એ ફજેતીથી ભલુ મરવુંજી; ઇંદ્ર કહેછે જમ રાજાને, નળને લ્યો જમ લોકજી. આ કુણીઅ આપણુને વરશે, થાશે હંસનું બોલ્યું ફોકજી; ધરમ કહેછે એશી લક્ષ્ત, કોવણ પુરે કેમ મરેજી. એમ થતુ હોએ તો લેઉ દમઅંતીને, અરથ મારો સરેજી; અગ્નિ કેહે ભલો શ્રમ કરી જોઇએ, કદાપી થાએ સાચોજી; દમઅંતી જાણી દુત થઇ જાએ, ચારે નળને જાચોજી. ચારે દેવ આવ્યા નળ પાસે, વેશ વિપ્રનો ધારીજી; ત્રિપુંડ તાંણ્યાં પુસ્તક કરમાં, ઝાલી સુંદર ઝારીજી. નળે નીરમળ બ્રાહ્મણ દીઠા, આપ્યાં આદર માંનજી; આસન આપી પુજા કીધી, પુછેછે રાજનજી; કામકાજ અમ સરખુ કહિએ, હરી મોહોટા કરનારજી. વિપ્ર કહે અમો આવ્યા છઇએ, તને જાણી સત્ય ભંડારજી; નળ કહે જે માગો તે આપું, માનજો અવસ્ય મેંવજી. વચન લેઇ વિપ્ર વેશ મુકયો, થયા તતક્ષણ દેવજી; વજર પાસને જવાળા ત્રણે ગ્રહી, જમે ગ્રહયો જમ દંડજી. જળહળ તે તેજ દીસે તનનું, જાણે ઉગા ચાર માર્તંડજી; ચકિત રાજા થઇ રહયો, ને કરતો કોટિ પ્રણામજી. નળવિના કોએ દેખે નહિ, દેવ રૂપનાં ધામજી. ॥ ॥ વલણ ॥ ॥ રૂપ ધામ જે દેવતા, તે વિનતી નળની કરે, તમે દુત થઇ જાઓ કંના કને; જેમ દમઅંતી અમને વરે ॥ ॥ કડવાં ॥ ૧૮ ॥ ॥ રાગ બીહગડો ॥ ॥ દેવ કહે હો રાજા મિત્ર, પુણ્ય શલોકજી; પુણ્ય પવિત્ર, કૃપા કરી કંન્યા પાસે

જાઓ. વેવિશાળીઆ અમારા થાઓ, મહેલાને મારો મોકનાં બાણુ; ચાર દેવનાં કરજો વખાણ, ભાગ્ય હશે તેને તે વરશે; જેના કરમનું પાનડું ફરશે, નળ કહે શોચક વળી હોય. મને પેશવા નવદે કોય, દેવ કહે જાઓ જોગીને વેશે; દમઅંતીવીના કોઈ નહિ દેખે, ચારે નળને કરે અણસાર. અધિકા ગુણ બોલ્યા જે માર, એવું સુણી ચાલ્યો નળરાય; ત્યારે દેવને વિમાસણ થાય, રૂપવંત એ નળને જોશે. કંન્યાનું મન તેને મોહશે, દ્રષ્ટિએ દ્રષ્ટિ મળશે જ્યારે; ગુણ આપણા નહિ સંભારે, વાત આપણી નહિ કેહે વરણી. વેવીશાળીઓ બેસસે પરણી, નળને લેવરાવ્યો જોગીને વેશે; શિખવ્યું તેમ કરજો વિશેષ, રૂપ પાલટીને નળ વળીઓ. દેવે અનુંચર એક મોકલ્યો, દુતને નવ દેખે નળરાય; આગળ પાછળ ચાલ્યા જાય, પેઠા ઘરમાં પાધરા દોર. કોઇ ન દેખે દિવસના ચોર, જાં દમઅંતીનું અંતઃપુર; ત્યાં આવ્યા નળરાજા સુર, દિઠી દેવ કંન્યા જેવી દાસ. રહે દમઅંતી રાણી પાસ, કોઇ નાઇકા તાંહાં નાહાતી; કોય કંન્યાના ગુણ ગાતી, કોય શામાને કોય ગોરી. કોય મુગ્ધાને કોઇ છોરી, કામ કરતી કરતી કોય હાલે માલે; વસ્ત્ર બાંધતી ગડીઓ વાળે, રહે આપ આપણે સાજે. હાર ગુંથે કંન્યાને કાજે, એમ જોઓ હેડોળો માળ; બીજે માળ ચડયો ભુપાળ, તહાં દાશીનું જુથ જોયું. વળી ચડયો જાં ત્રીજું ભોયું, વસે જાંહાં દમઅંતી નારી; સહસ્ત્ર દાસી શેવા કરનારી, કેટલીક ગાન કરે સ્વર ઝીણા. કોય કરમાંય જાડે વીણા, એકાંતે છે એક ઓરડી; હીંડોળે બાંધી હીર દોરડી, ત્યાં બેઠી હરી વદની હીંચે. દાસી કેસમાં ધુપેલ સીંચે, કિંકરી પાસે શિર ગુંથાવે; રખે સેંથો વાંકો આવે, ચણિ ભીતમાં ચોપાસે ખાપ. વણુંચરે મુખ દેખે આપ, આગળ દમઅંતી પુંઠળ દાશી; સમાપતી બીંબ રહ્યાં પ્રકાશી, મુખ કમળ કંન્યાનુ ઝળકે. સામો ચંદ્ર બીજો જાણે ચળકે, શોભે નારી જોબન ધામ; મુખે નળરાજાનું નામ, એવું ભુપતીએ રૂપ જોયું. મોહબાણે મનડું પરોયું, અંગ રંગથી આડો આંક; ભાઇ દેવતણો શો વાંક, ચારમાં કોનું ભાગ્ય ભળશે. આ રત્ન કોને કર ચડશે, મને પરણત મનની રૂચે; અંતરાઇ દેવ થયા વચે, ભલે ભાવો પદારથ થયો. નળે વિવેક મનમાં ગ્રહયો, ॥ ॥ વલણ ॥ ॥ ગ્રહયો વિવેક શોક

તજી, જ્ઞાનને રૂદે ધરે; સત્ય પોતાનું પાળવા, દેવતાનું માગ્યું કરેરે. ॥ ॥ કડવાં ॥ ૧૯ ॥ ॥ રાગ સામેરી ॥ બેઠી દમઅંતી શીશ ગુંથાવા, સ્વઅં વરમાં સાંતરી થાવા; સામી ભીતે જડી અક્રુ ખાપ, વણુ ધરી મુખ દીસે આપ. ॥ ॥ ઢાળ ॥ ॥ આપ દીસે વણધરે, પ્રતિબીંબ જોતી દ્રષ્ટે; દાશીને દમઅંતી બેઠાં, નળ આવી રહયો પૃષ્ટ. પ્રતીબીંબ નળનું પડ્યું દરપણમાં, પ્રેમદાએ દીઠો પુરૂષ; ગઇ ખુણે નાશી તેડી દાશી, શું બેશી રહીછે મુરખ. માધવી વળતી વદે બાઇ, શા માટે નાશી ગયાં; મે કો ન દીઠું તમો દીઠું, આવડું વિસ્મય શું થયાં. શી તારી મીટ મસ્તકમાં, મેં દરપણ રાખ્યું દ્રષ્ટિમાં; સ્વરૂપ દીઠું નળતણુ, ન મળે બીજું સ્રષ્ટિમાં. વેશછે વઇરાગનો, જાણે નાટક કોઇ લાવીઓ; શકે તોએ પ્રાણજીવન, નળરાય નિસ્ચે આવીઓ, દાશી કહે દમઅંતી સાંભળો; તમને નળની જંખના, નળ આવી તે નવશકે. જાં ન આવે પાણી પંખન, કામની કહે પીછો નહિ; દાશી માણસ અવતાર, નવ માને તો આ ભ્ય દેખાડું. કઉતક બીજી વાર, પુનરપિ બેઠાં બેઠાં પુંઠે; દરપણમાં મીટ જોડ, પ્રતિ બિંબમાં નળ દેખાડયો. કાંતિ કંદર્પ કોડ, દાશી રાણી થયાં બેઠાં; ઝબકારે ઝળકી વીજળી, દમઅંતી કહે દાશીને. મારી વાત કેવી મળી, પછી સ્તુતિ માંડી શામાએ; અંતરપટ આગળધરી, હો દેવ સ્વરૂપ દોને દેખ્યા. ત્યારે નળે દેહ પ્રગટ કરી, આસન આપી કીધું પુજન, પછે પુછેછે કિંકરી; કહો દેવ સ્વરૂપ કયાંથી પધારયા, વેશ વઇરાગીનો ધરી. નળ કહે તું નીચ માણસ, કેમ વંદુહું કિંકરી; દમઅંતી બોલે તો બોલું, નહિતો જાઉ પાછો ફરી. દમયંતી કહે દેવ જધંપી, થઇ આવ્યા સંનાશી; કપટ રૂપને કંન્યા કેમ પુછે, માટે પુછેછે દાશી. ॥ ॥ વલણ ॥ દાસી સંન્યાસી જોગછે, કેવળ નહિ અતિત; વચન સુણીને નળ હરખ્યો, હરી લીધુ ચીતરે. ॥ ॥ કડવાં ૨૦ ॥ ॥ રાગ મારૂ ॥ ॥ મન મોહે પામ્યો મહિપતિ, ધન દેવ જે વરશે સતી; ભોગી ભુપને ભામની ભોગ્ય, ઘટે દેવને અમો અયોગ્ય; નારી પ્રત્યે નળ એમ કેહેછે, જો તું જોગી રૂપને લહેછે. અન જાઉ વિષઆની વાટે, અહીયા આવ્યો હું સાધવી માટે; હુંતો દુતછું દેવતા તણો, પાળુંછું આચાર

આપણો. તારૂં પુર્વ જનમનુ પુન્ય, ભાગ્યમાંહિ નથી કાંઇ નુંન્ય; જે દેવ દુત ઘેર આવ્યો, મોદ વરધન વારતા લોવ્યો. અળગું કરોને અંતરપટ, કરૂ વાત આણીને ઊલટ; અમો રૂપ કોટન કોટ ધરૂ, તજી સ્વાર્થ પ્રમાર્થ કરૂ. સાંભળીને બોલ્ય રસાળ, પટ તજીને નીસરી બાળ; પરિ સ્વેદ મુકતા રહ્યાં ટમકી, બહાર નિસરી વિજળી ઝમકી. હિંડતાં હાલે જયમ દરૂમવેલી, નળ નીકટ ગઇ ગર્વ ઘેલી; તારૂણીનો પ્રતાપ ન માયો, ઝમકારે નળ ઝંખવાયો. ઊડી મંદ પુરણ માતંગી, નળ નકીએ બેઠો ઊઠગી; ઘુઘરી ઝાંઝરની ઝણઝણતી, પગને અંગુઠે પૃથ્વી ખણતી. કર દીધોછે ગળસ્થળે, એવી નારી દીઠી નળે; પ્રેમે પ્રેમ થયાં બે ભેગાં, મોહયો મહિપતિ દેખી મેહેલ; સત્ય વાદી એ સત્યજ રાખ્યું, મનથી પરણવું કાઢી નાંખ્યું. રખે ઇંદ્ર નારીને નરખે, નળ મન પાછું આ રેખે; બેઠો આસને આસન વાળી, માંડી વાત તે સત્ય સંભાળી. પરમારથે દેવની વતી, ગોષ્ટિ માંડી છે નઇસદપતી; અહો લલીતા અંબુજ લોચની, સુખ વરધની દુઃખ મોચની. બેસો આસને લજ્જા છાંડી, પુછુ વાત કહો મુખ માંડી; કંન્યા કહે કહો જે હોએ કહેવું, અમને ઘટેછે ઉભાં રેહેવું. પર પુરૂષ બેઠો કેમ બેસુ, જાણે નળનો કેહેશે એશું; વારૂ થયું જે તમો મળિયા, શું નઇશદનાથે મોકલીઆ. મારે કંથે કહાવ્યું છે શુંય, સાંભળવા ઇછું છુ હુય; વળતો બોલ્યો વિરસેંન સુત, નહિ નળનો હું દેવનો દુત. નળ નળ મુખે શું ભાખે તજી, અમ્રત વિષકાં ચાખે; મુકી સજન શતરૂને ન મળાએ, મુકી ચંદન કાં વળગે બાવળીએ. નાંખી રત્ન કોડી કોણ આણે, તજી મદગળ મહિષ પલાણે; તજી ધેનુ અજા કોણ બાંધે, તજી શાળ કુશકા કોણ રાંધે. માટે હું છુ તારો વગીઓ, દેવ ભાનુને નળઆગિઓ; ઘેલી નળ માનવ શા લેખે, રખે અમરમે તું ઊવેખે. વાસવ વન્હિને વરૂણ રાય, જમ આદે વર્યાની ઇચ્છાય; મોકલ્યો છે મળીને ચાર, હું આવ્યો માનવ દ્વારે. તું ત્રીભુવન પતિને ભજરે, નળ અલ્પ જીવન તજરે: માગ્ય અમરાવતીનો વાસ, અમર ઇછુને નળ કાસ્ય. સુર પરણે તને નહિ ઋત્ય, નળને વરતાં દુઃખની સરત્ય; સુરસંગે ભોગવવા ભોગ, નળ અલ્પ આયુષ્ય ભરયો રોગ. મનુષ્યને વ્યાધી સતને આડ, મરી મરી અવતરવાનો ડાડ; મનુષને

વિજોગ જે પીડે, આયુષ ઉતાવળુ હીંડે. મનુષને ઘડીએ શત ઘાત, પીડે જવર શતશને પાત; માણુસ ભરયા હોય મળ મુત્ર, તે શું નવ માંડીએ ઘર સૂત્ર. તજી ગંગ જળ કુપ વખણાવે, મુકી કીરને કાગ ભણાવે; દેવ સમો નહિ સુખ દાતા, નહિ ઓસરે અમરત પાત. ઇંદ્ર મંદિર હિંડોળે હીચે, તૂર્થી દેવાંગના વ્રંદ નીચ; પિયો સુધા ભોગ વારૂણી, થાઓ ત્રિલોક પતિની તારૂણી. થઇશ અમર સુધારસ પીતી પરણ શક્રને તો જગજીતી, છાસઠ સહસ્ત્ર રંભા તું આદયે; થાશો તરૂસ વાસવને સ્વાદે, ઇંદ્રાણીને છે તારી બીહીક. રખે દમઅંતી થાતી અધિકા, પરણ ઇંદ્રને સાચવ તક; જો તુલ્ય વ્રક્ષ પારી જાતક, રથ આઇરાવતનું સુખ લેરે. વરવા વાસવને હા કહેરે, શણગાર કરો સર વાંગે; રહેવું ઇંદ્રતણે અરધાંગે, વસ્ય વન્હિને હો બાળી. નહી આવે અવસર આવળી, સહુ દેવનું એછે વદન; અગ્નિ રૂપને કોટી વદન, વળી વરવા ઇચ્છેછે યમ. તેને ના કહેવાશે કયમ, છે વરૂણને ઇચ્છા ઘણી; રઢ લાગીછેરે તમતણી, મુકો બાળ અવસ્તાની ટેવ. ફરી માગુ ન મોકલે દેવ, હંસ કરી ગયો મિથ્યા લવ; રૂપ હીણુછે નળ માનવ. ॥ ॥ વલણ ॥ ॥ માનવ નળ કદરૂપ કાયા, નળ ભરયો છે તે મળે; પોતે પોતાનુ આપ નિદયું, તે દેવનો દુત સાંભળેરે. ॥ ॥ કડવાં ॥ ૨૧ ॥ ॥ રાગ રામગ્રી ॥ ॥ નળને નિદઓ પ્રેમદા દાવિજી, દુત ત્વ કીધું વષ્ટિ ન વાધીજી; વિજોગ વન્હિ મુંકયો સંકોરીજી, બહુ દુખે દાઝી ગુણવંત ગોરીજી. ॥ ॥ ઢાળ ॥ ॥ નિંદયા કીધી નળતણી, છે વારહ વન્હિ પ્રથમ; કોમળ કદળી કહોવાડાના, ઘાવ સહે કહો કયમ. વીરહીણી ઘણી વિકળ થઇને, પડી પૃથ્વી માહી; સાહેલી ચાંપે રૂદે સાથે, મુખે કેહે વાહી ત્રાહી. આસ વાસના કરો કીંકરી, શામાને વળિ સાન; દુત પ્રત્યે કહેવા કંન્યા, શું કરૂ સુર રાજંન. અ પ્રાપ્તિ અમને અમરની, અમે અલ્પ માનવ કાય; જઇ કહો તમે દેવને, જે એ કારજ નહિ થાય. ઊત્કૃષ્ટ અમર નિકટ છે નળ, મે તમથી જાણુ આજ; નૈસદ નાથને પિંડ સોંપ્યો, અવરનું નહિ કાજ. અકળ અજને અનંગ અરિ, જો વરવા આવે ત્રણ; તોય હું ચુકુ નહિ, ચિત્ત ચોટયું નળને ચરણ. વિરસેન સુતનો દુત હંસ, મેં તેને દિધી આશા; ના કહુતો જનક જ-

નનીનું, સત્ય થાએ નાશ. તમો પધારયા દુત થઇને, સુરનું કરવા હેત; શકે તો નળ વષ્ટિ આવ્યા, સુરસું કરી સકેત. જથા રથ બોલો જોગીજંન, ભોગીછો ભુપાળ; વનમાં હો તેવા દેખુંછું, હંસે નાંખી મોહજાળ. સન્યાસી કહે હો સુંદરી, કોણ માત્ર નઇષદ પત્ય; દેવ વિના નવ હોય મનુષ્યને, ગોપ્ય આવ્યાનાં ગત્ય. બુદ્ધિહિન બાળા દિસેછે, માનવ ઉપર મોહ; સ્વર્ગ સદન મળવાનું મુકી, કાંઇછે નળ વર ઘોહ. તું નહિ વરે તો દેવ ચારે, કરશે બળાતકાર; કલ્પ વ્રક્ષ તને તાણી લેશે, જાચશે સુર લગાર. દમઅંતી કહે દેહ પાડું, જળમાં કરૂ જળશાવી; તો વરૂણ વસેછે જળમાં તતક્ષણ જાશે સાહીં, પાવક માંહી દેહ મજાળુ. હું કરૂ જંપા પાત, વન્હિં વરવા બેશી રહયો છે; વારૂ વિચારી વાત, કંઠ પાસ કરૂકે વિખ ખાઉ. જેમ તેમ પાડું કાય, તો અવગતે જમ લોકે જાઇશ; સઘ વરે જમરાય, અન્ન સન વ્રત લેઇ તપ કરૂ. મરૂ ગુફામાં પેશી, તે પુણ્યે સ્વર્ગ લોક પાંમીશ, ઇંદ્ર રહયો છે બેશી. ॥ ॥ વલણ ॥ ॥ બેશી રહયો છે સુરપતિ, મુએ ન છુટીશ ઘેલી; અંતે અમ વરશે ખરી, તો પરણ પ્રેમદા પેહેલી. ॥ ॥ કડવાં ॥ ૨૨ ॥ ॥ રાગ દેશાખ ॥ ॥ ॥ દુત કહે સાંભળ સુંદરી, અમર ન મુકે પરણે ખરી; કંન્યા કહે હો જોગીજંન, તુ નળ સરખો દિસે દરસંન. હંસ જેવું રૂપ વરણવ્યું, તેવું તમારૂ દરશન હતું; નહિ નાળ હું દેવનો દાસ, નારી કહે નવ આવે વિશ્વાસ. જો બ્રહ્મા કરે કોટિ ઉપાઅ, નળ જેવો અન નહિ નિરમાય; સત્યવાદી હોય તો સત્ય બદો, તાત ના સમજો મિથ્યા વદો, સાંભળી નલને આવ્યું હાસ; દમઅંતી ગઇ પ્રભુ પાસ, શીદ નાસોછો અરાપરા. ઓળખ્યા મેં નળરાય ખરા, તોય નલ સત્ય થો નવ ચળે; તે સઉ દેવના દુત સાંભળે, ધશી દમઅંતી ગઈ પ્રભુ પાસ. અંતર ધાન થયો નલ આકાશ, જારે મીટે મીટન મળી; ભીમક સુતા ધરણીએ ઢળી, મુલ સ્વામીની લેછે સદા. મળિ જાતાં વાધી આપદા, દાશી બોલેછે એમ સબળ; બાઈ તમને પરણશે નળ, વદે વ્રહદ સ્વહો ધર્મરાય. નલ પેહેલો દેવ દુત જાય, વદે શેવક ઇંદરને નમી; તમે કેમ રહ્યા ટમટમી, નળનું કાંઇ ન લાગ્યું કહેણ. ન તરૂટે હંસનું જાલ્યું રેહેણ, કામની કુંદન નલ હીરો સાર; જ

